# કપરાડાના અંભેટી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ચણા પાકમાં ક્ષેત્ર દિનની ઉજવણી કરી



પ્રતિનિધિ વાપી, તા. ૧૪ : વલસાડ જિલ્લાના નાના અને સીમાંત આદિવાસી ખેડૂતો ચોમાસું ડાંગરનો પાક લીધા પછી જમીનમાં સંગ્રહાયેલ ભેજ આધારીત જુદા જુદા કઠોળ પાકોની ખેતી કરે છે. ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી, વલસાડ દ્વારા ૧૫૦ જેટલા ખેડૂત સહયોગીઓને શિયાળું ઋતુમાં ચણાં પાક ઉપર ખેડૂતોના ખેતરે અગ્ર હરોળ નીદર્શનો ગોઠવવાનું આયોજક કરવામાં આવ્યું હતું. વલસાડ જિલ્લાના ખેડૂતો શિયાળું ઋતુમાં ચણાં પાક કરવા માટે દેશી જાતોનો ઉપયોગ કરે છે જેમાં ઉત્પાદન ખુબ નિમ્નકક્ષાનું અને ઓછું મળે છે. આ પ્રશ્નોના નિરાકરણ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અંભેટી, વલસાડ દ્વારા ચણાંની સુધારેલી જાત ગુજરાત જુનાગઢ ચણા-૩ના નિદર્શનો ગોઠવવામાં આવેલ હતા. આમ કૃષિમાં આવતી નવી તાંત્રિકતાઓ અને નવી જાતોના પ્રચાર પ્રસાર માટે કપરાડા તાલુકાના ધોધડકુવા ગામે ક્ષેત્ર દિનની ઉજવણી કરવામાં આવી જેમાં ૯૫ જેટલા ખેડૂત સહયોગીઓએ ભાગ લીધો. ક્ષેત્ર દિનની ઉજવણીમાં કૃષિ (વધુ પેજ સાત પર)

પ્રજા સમાચાર
Thu, 15 March 2018
www.readwhere.com/read//c/27074093